# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૮ તા.૨૦-૦૧-૨૦૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- "રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૮"ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- નં.એસએસએ/મકમ/૨૦૧૮/૨૬૪૮-૨૬૮૬ તા.૧૯-૧-૨૦૧૮

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, તા.૨૫/૦૧/૨૦૧૮ના રોજ "રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૮" ની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. ઉજવણીના ભાગરૂપે ભારતનાં ચૂંટણીપંચ દ્વારા પ્રતિજ્ઞાપત્ર નિયત કરવામાં આવેલ છે. (પ્રતિજ્ઞાપત્રની નકલ સામેલ છે) તે ધ્યાને લઈ સરકારશ્રીની સૂચનાઓ અનુસાર "રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૮" તા.૨૫-૧-૧૮ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે શાળાઓમાં દરેક વિદ્યાર્થી પ્રતિજ્ઞા લે તે પ્રમાણેનું આયોજન કરવાનું રહેશે. (૧૨-૩૦ કલાકે શરૂ થતી શાળાઓએ પ્રાર્થના કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થી પ્રતિજ્ઞા લે તેવું આયોજન કરવાનું રહેશે. )

આ પ્રતિજ્ઞાપત્ર તમામ શાળાઓએ જાહેર નોટીસ બોર્ડ ઉપર કાયમી ધોરણે રાખવામાં આવે તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

તા.૨૦-૦૧-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# મતદારોએ લેવાની પ્રતિજ્ઞા

અમે, ભારતના નાગરિકો, લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની અને મુક્ત, ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવીશું તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.

Scanned by CamScanner

# VOTERS PLEDGE

We, the citizens of India, having abiding faith in democracy, hereby pledge to uphold the democratic traditions of out country and the dignity of free, fair and peaceful elections, and to vote in every election fearlessly and without being influenced by considerations of religion, race, caste, community, language or any inducement.

Scanned by CamScanner